# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

દરેક પગલાં નો હવે પદ સાથે સાંધો હોય છે,
સૌને ધાકમાં દબાવી દેવાનો એને ફાંધો હોય છે,
કાંધો મળ્યો રાજનાથનો, ન માનો તો બાંધો ઉચાળા -
ને મરજી મુજબ ન થાય ત્યાં સુધી વાંધો હોય છે..
(ઢંઢેરો અટક્યો!!)

## હાઈકુ

પુરાતા નથી
કુખ્યાત ગુન્હેગારો
પૂરાવા વિના..
(સુપ્રીમ લાચારી)

હવા અસરે?!
મત મશીન પણ -?!
'થશે બિચારૂં'?!
(ચપળ કળ કમળ તરફ!)

## ચિંતન

*વ્યાઘ્રીવ તિષ્ઠતિ જરા પરિતર્જયન્તી રોગાશ્ચ રાત્રવ ઇવ પ્રહરન્તિ દેહમ્ ।*
*આયુ: પરિસ્ત્રવતિ ભિન્ન ઘટાદિવામ્ભો લોકસ્તથાપ્ય હિત માચેરતીતિ નિયમ્ ॥*

શ્રી ભતૃહરિના 'વેરાગ્યશતક'નો આ શ્લોક લોકોની મૂઢતા-મૂર્ખાઇની વાત સમજાવે છે.

'દરેકના જીવનના અંતે વાઘણ જેવી વૃદ્ધાવસ્થા મોઢું ફાડીને ઊભી જ છે અને દરેકનાં શરીરમાં શત્રુઓ જેવા-કટ્ટર દુશ્મનો જેવા રોગો શરીર પર ઘાવ કરવા તૈયાર બૈઠા જ છે અને ભાંગેલા-સીરવાળા-તડ પડેલા ઘડામાંથી જેમ ધીમે ધીમે પાણી સ્ત્રવે એમ આપણા જીવન ઘટમાંથી પાણી જેવા આયુષ્યનો એક એક દિવસ વહ્યા કરે છે. આયુષ્ય ઘટ્યા કરે છે છતાં પણ લોકો પોતાનું 'અકલ્યાણ' કરે એવાં આચરણ કર્યા જ કરે છે. સંસારના મોહને કારણે પાપકર્મ કરે છે - તે આશ્ચર્યની વાત છે. આ મૂઢતા નથી તો શું છે?!'

વ્યસન અને વાસના જીવનને ડુબાડે છે સંયમથી જીવન સાત્ત્વિક બને છે. જો સંસાર-સાગર સરળતાથી તરી જવો હોય તો જીવન નાવની સાથે 'સંયમ' અને 'સાત્ત્વિકતા'નાં હલેસાંની જરૂર પડે - નહીં તો ડૂબી જવાય.

## સુવિચાર

- 'SYMPATHY' એટલે 'બીજાના દુર્ભાગ્ય માટે ઉપજતી દયા' અને 'EMPATHY' એટલે એ પરિસ્થિતિમાં પોતાની જાતને મુકી જોઇને અનુભવાતી પીડા - *અમીષા શાહ*
- બહોત કુછ હો રહા હૈ યહાં, ઇસ તરક્કી કે જમાને મેં, મગર યે કયાં ગજબ હૈ, કે આદમી અબતક ઇન્સાન નહીં બન સકા - *દુષ્યંત કુમાર*
- જેમ એક વખત પોતુ મારવાથી ઘર ચોખ્ખું ન થાય તો આપણે બીજી કે ત્રીજી વખત પોતુ મારીએ છીએ તેમ એકાદ વખતનો સકારાત્મક વિચાર તમારી આસપાસના વાતાવરણને ન બદલી શકે તો તમારે સકારાત્મક વિચારોનું પુનરાવર્તન કર્યા કરવું પડશે - *ડો. અઢીયા*
- ભાગ્ય કહે છે : ભાગશો તો તમારી પાછળ હું ભાગીશ નહીં, પણ સંસારમાં આવતા સુખદુ:ખના પરિવર્તનો આત્મસાત કરતાં શીખશો તો હું તમારી પાસે દોડતું આવીશ - *અમૃતબિંદુ*
- વિજ્ઞાન અને સાહિત્ય બે અલગ નથી પણ એક જ પૃષ્ઠની બે બાજુ છે - *ડો. ચંદ્રકાન્ત મહેતા*
- તમારા માટે કોઇનું મંતવ્ય કયારેય તમારા માટે વાસ્તવિકતા બની જતું નથી - *એસ. ભટ્ટાચાર્ય*
- જીંદગીમાં જે માંગીએ તે બધું મળતું નથી, અને જે મળે છે તેમાનુ ઘણું બધું માંગેલુ પણ નથી હોતું - *એસ.એમ.એસ*

*(સંકલન : દીપક વી.આસરા)*

## બોધ કથા

આજે તો ક્રિકેટ અને ક્રિકેટરો કૌભાંડ માટે પ્રખ્યાત છે રમત અને રમતવીરોના લીલામ થાય છે દેશ માટે નહીં સ્વાર્થ માટે રમે છે. રાષ્ટ્રીયતા અને રાષ્ટ્રપ્રેમ રહ્યાં જ નથી. એક જમાનામાં ભારતની હોકી ટીમ વિશ્વમાં 'પ્રથમ નંબર'ની અજેય ટીમ ગણાતી હતી. તેનું કારણ પંજાબના દેશપ્રેમી રમતવીરોનું પ્રદાન હતું. એમાં હોકીના જાદુગર ગણાતા ટીમનાં 'કેપ્ટન' ધ્યાનચંદની નિષ્ઠા અને હોકી પ્રેમ ખૂબ મહત્ત્વ હતું.

ધ્યાનચંદ વૃદ્ધ થયા. નિવૃત્ત થઇ ગયા હતા. એમની આંખે તકલીફ હતી. દવાખાનામાં દાખલ હતા. એમને દૂરનું કંઇ જ દેખાતું ન હતું. એ દિવસોમાં જ ચંદીગઢમાં આંતરરાષ્ટ્રીય કક્ષાની હોકીમેચનું આયોજન થયું. ધ્યાનચંદે મેચના મેદાન પર જવાની હઠ પકડી - ડોકટરે કહ્યું તમને દૂરનું કંઇ દેખાતું નથી છતાં મેદાન પર જવાનો આગ્રહ શા માટે રાખો છો?!

ધ્યાનચંદે કહ્યું, ભલે મને દેખાતું નથી પણ લોકોની કીકીયારી અને મેદાનમાં રમતા ખેલાડીઓના અવાજથી જ મને રમતનો સાચો અંદાજ આવી જશે...!

આવા ખેલ પ્રેમીના પ્રતાપે જ ભારતનું હોકીમાં નામ હતું.

Email - sureshchandrabhatt18@gmail.com

# દેશમાં ચૂંટણીનો માહોલ હોય ત્યારે ઇતિહાસને આધારે પોતાનાં સત્ય પ્રજા સમક્ષ ખરાં કરવાની જાણે કે હોડ મચે છે, એપ્રિલ-મે ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં રાજનેતાઓ થકી રંગીન સત્યો રજૂ કરીને પ્રજાને આંજી દેવાની વૃત્તિ-પ્રવૃત્તિ સોળે કળાએ ખીલી છે

## ગાંધીહત્યા, સરદાર પટેલ અને ઇતિહાસનાં અર્ધસત્ય

- હરિ દેસાઈ

દેશમાં ચૂંટણીનો માહોલ હોય ત્યારે ઇતિહાસને આધારે પોતાનાં સત્ય પ્રજા સમક્ષ ખરાં કરવાની જાણે કે હોડ મચે છે. એપ્રિલ-મે ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં રાજનેતાઓ થકી રંગીન સત્યો રજૂ કરીને પ્રજાને આંજી દેવાની વૃત્તિ-પ્રવૃત્તિ સોળે કળાએ ખીલી છે. રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની હત્યા, સરદાર પટેલની ભૂમિકા અને હત્યામાં કોણ દોષિત અને કોણ નિર્દોષ એના દાવાઓ રજૂ કરતાં દસ્તાવેજી સત્યોને પોતપોતાની અનુકૂળતા મુજબ અર્ધસત્ય કે વિકૃત સત્યની રીતે રજૂ કરાતાં નિહાળીને વ્યથિત થવાય એ સ્વાભાવિક છે.

મહાત્મા ગાંધીના પૌત્ર અને ઇતિહાસવિદ રાજમોહન ગાંધીલિખિત 'સરદાર પટેલ: એક સમર્પિત જીવન'ની અંગ્રેજી અને ગુજરાતીમાં નવજીવન પ્રકાશન મંદિરની નૂતન આવૃત્તિઓના સંદર્ભો ટાંકતાં રાજનેતાઓ ટીવીચેનલો પર ઝળકે છે. વૃત્તિ-પ્રવૃત્તિ રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘ(આર.એસ.એસ.) મહાત્મા ગાંધીની હત્યા પાછળ જવાબદાર નહીં હોવાનું પ્રતિપાદિત કરવાની છે. રાજમોહનના ગ્રંથમાંથી સરદાર પટેલલિખિત ૨૭ ફેબ્રુઆરી ૧૯૪૮નો પત્ર ટાંકવામાં આવે છે. તત્કાલીન વડાપ્રધાન જવાહરલાલ નેહરુને એમની સરકારના જ નાયબ વડાપ્રધાન અને ગૃહમંત્રી સરદાર વલ્લભભાઈ પટેલે લખ્યું છે: 'આ નિવેદનો પરથી સ્પષ્ટ જણાય છે કે આ કાવતરામાં સંઘ જરા પણ સંડોવાયેલો નથી. હિંદુ મહાસભાના ઉપગ્રંથી જૂથે આ કાવતરું (ઘડ્યું છે) અને તેમણે જ તે પાર પાડ્યું છે.' ગાંધીજીની હત્યા ૩૦ જાન્યુઆરી ૧૯૪૮ના રોજ થઈ હતી.

વાજપેયી સરકારમાં નાયબ વડાપ્રદાન અને ગૃહમંત્રી રહેલા લાલકૃષ્ણ આડવાણી પણ ૧૨ માર્ચ ૨૦૧૪ના પોતાના બ્લોગમાં 'રાજમોહન કહતે હૈં, શાયદ મહાત્મા સહી નહીં થે' શીર્ષક હેઠળ ગાંધીજીએ સરદાર પટેલને વડાપ્રધાન બનાવવાને બદલે જવાહરલાલ નેહરુને વડાપ્રધાન બનાવવાનું પસંદ કર્યું એ યોગ્ય નહીં હોવાનો રાજમોહનનો મત ટાંકે છે. સાથે જ ટેઈલપીસ(પશ્ચલેખ)માં સરદાર પટેલનું ગાંધીજીની હત્યામાં રા.સ્વ.સંઘ કોઈ પણ રીતે સામેલ નહીં હોવાનું અવતરણ મૂક્યું છે. જોકે તેમાંથી સાવરકરનું નામ કાઢીને એ મૂક્યું છે.

પત્રોની નોંધો અને અવતરણો સંદર્ભ વિના ટાંકીને પોતાને અનુકૂળ તારણો રજૂ કરવામાં આવતાં હોય ત્યારે મૂળ સ્રોત અને મૂળપત્રો વાંચવા એ કોઈપણ સંશોધક માટે અનિવાર્ય બની જાય છે. સત્યાન્વેષણ માટે પણ આ જરૂરી છે.

રાજમોહને પોતાના ગ્રંથની પ્રસ્તાવનામાં જરૂર નોંધ્યું છે 'આવો અન્યાય થયો હોય તો મહાત્માના પૌત્ર તરીકે તેનું થોડું વળતર ચૂકવી દેવાનું વાજબી ગણાય. આ ઉપરાંત પોતાના રાષ્ટ્રના ઘડવૈયા પ્રત્યેનું નાગરિક ઋણ ચૂકવવાનો પણ મેં પ્રયાસ કર્યો છે.' ૧૯૪૬માં ૧૪માંથી ૧૨ પ્રાંતિક કોંગ્રેસ સમિતિઓ સરદાર પટેલને પ્રમુખપદ(એ વડાપ્રધાન થવાના હતા) માટે ટેકો આપતી હોવા છતાં ગાંધીજીના ઇશારે નેહરુને પસંદ કરાયા હતા.

મહાત્મા ગાંધીની હત્યામાં આર.એસ.એસ.ની સંડોવણી નહીં હોવાનું જે પત્રને ટાંકીને પ્રતિપાદિત કરાય છે એની નીચે જ રાજમોહને જે વાત નોંધી છે એને જાણીજોઈને અવગણવામાં આવે છે: 'હિંદુ મહાસભાના કેટલાક લોકો તો વલ્લભભાઈનું પણ ખૂન કરવા ચાહતા હતા. ગાંધીજીની હત્યા થયા અગાઉ થોડા દિવસ પહેલાં બિહારમાં તેમના એક આગેવાને ભાષણમાં કહ્યું હતું કે વલ્લભભાઈ, નેહરુ અને (મૌલાના) આઝાદને ફાંસીએ લટકાવવા જોઈએ. ... મહારાષ્ટ્રના કેટલાક વિસ્તારોમાં ગાંધીજીનો ખૂની જે જ્ઞાતિનો હતો તે બ્રાહ્મણ લોકો સામે, હિંસ્ર હુમલાઓ થયા તે વલ્લભભાઈ સાંખી શક્યા નથી. ગુનેગારો સામે મુંબઈ સરકારે હળવા હાથે કામ લીધું તે માટે તેમણે (બાળાસાહેબ) ખેરને ઠપકો પણ આપ્યો હતો.'

ખેર સરકારમાં ગૃહમંત્રી મોરારજી દેસાઈ હતા એ અત્રે નોંધવાની જરૂર ખરી. ગાંધીજીના પ્રપૌત્ર તુષાર અરુણ ગાંધીલિખિત 'લેટ્સ કિલ ગાંધી' નામક ગ્રંથમાં ગાંધીજીના હત્યારા નથુરામ ગોડસેના સંઘ અને પછીથી હિંદુ મહાસભા સાથેના સંબંધ અને મોરારજીની ભૂમિકાની વિશદ છણાવટ કરી છે. એ અત્રે નોંધવાનું ઉચિત લેખાશે. લોકનાયક જયપ્રકાશ નારાયણ સહિતના સમાજવાદીઓ અને સામ્યવાદીઓએ તો ગાંધીજીની હત્યા માટે વલ્લભભાઈ પર દોષારોપણ કર્યું ત્યારે વ્યથિત સરદાર પટેલે એ આક્ષેપને નકારી કાઢ્યો હતો. રાજમોહને આ નોંધ્યું છે સાથે જ નેહરુ અને સરદારની સંઘ વિશેની મતભિન્નતાને પણ એમણસ્પષ્ટ કરી છે. ''નેહરુ આ સંઘને ફાસીવાદી માનતા હતા. વલ્લભભાઈ સંઘને દેશભક્ત, પણ ખોટા માર્ગે ચાલનાર સંસ્થા ગણતા હતા. કેટલાંક સ્થળોએ સંઘે ગાંધીજીની હત્યાનો ઉત્સવ ઉજવવાના સમાચાર મળ્યા પછી વલ્લભભાઈને ખાતરી થઈ કે 'સંઘ અત્યંત જોખમી પ્રવૃત્તિઓ' ચલાવે છે અને તેના પર પ્રતિબંધ મૂકવાની તેમણે સંમતિ આપી.''

સરદાર પટેલના વી. શંકર સંપાદિત પત્રવ્યવહારના ભાગ-૨માં રજૂ થયેલા પત્રો વાંચવામાં આવે ત્યારે જ રાજનેતાઓ પોતાને અનુકૂળ તારણો સાથે ઇતિહાસનાં તથ્યોને કેવાં વિકૃત કરે છે એનો અંદાજ આવી શકે છે. સરદારે નેહરુના ૨૬ ફેબ્રુઆરી ૧૯૪૮ના પત્રના અનુસંધાને ૨૭ ફેબ્રુઆરી ૧૯૪૮ના રોજ લખેલા પત્રમાં નોંધ્યું છે : '...આ નિવેદનોમાંથી એ પણ સ્પષ્ટ બહાર આવે છે કે આર.એસ.એસ. આમાં બિલકુલ સંડોવાયેલો નહતો. હિંદુ મહાસભાની સાવરકરના હાથ નીચેની એક ઝનૂની પાંખે આ કાવતરું ઘડ્યું હતું અને પાર ઉતાર્યું હતું.' બેરિસ્ટર સ્વાતંત્ર્યવીર સાવરકર હિંદુ મહાસભાના સર્વોચ્ચ અને સર્વસ્વીકૃત નેતા હતા. ૧૯૫૧માં ડો. શ્યામાપ્રસાદ મુખરજીના નેતૃત્વમાં સંઘના દ્વિતીય સરસંઘચાલક માધવ સદાશિવ ગોલવલકર(ગુરૂજી)એ ભારતીય જનસંઘની સ્થાપના કરાવી. એ જ ભારતીય જનસંઘનો વર્તમાન અવતાર ભારતીય જનતા પાર્ટી. ડો. મુખરજી પણ સાવરકરની હિંદુ મહાસભાના અધ્યક્ષ રહ્યા અને તેમણે નેહરુ સરકારમાં ઉદ્યોગ પ્રધાન તરીકે સેવા આપી. મતભેદ થતાં તેમણે રાજીનામું આપ્યું અને આર.એસ.એસ.ની રાજકીય પાંખ ભારતીય જનસંઘના તેઓ સંસ્થાપક બન્યા.

સરદાર પટેલે નેહરુને લખેલા ઉપરોક્ત ૨૭ ફેબ્રુઆરી ૧૯૪૮ના પત્રમાં જ નોંધવામાં આવ્યું છે : 'આર.એસ.એસ. જેવી ગુપ્ત સંસ્થાના સભ્યોની નોંધ હોતી નથી, રજિસ્ટરો હોતાં નથી એટલે અમુક ચોક્કસ માણસ એનો સક્રિય સભ્ય છે કે નહીં તે વિશે આધારભૂત માહિતી મેળવવી એ બહુ મુશ્કેલ કામ બની જાય છે. આમ છતાં, મને ખાતરી આપવામાં આવી છે કે દિલ્હીમાં આર.એસ.એસ.ના તમામ અગત્યના કાર્યકરોને પકડી લેવામાં આવ્યા છે... હું બરાબર સમજું છું કે દિલ્હી કે બીજે સ્થળે પોલીસ અને સ્થાનિક સત્તાવાળાઓમાં આર.એસ.એસ. પ્રત્યે સહાનુભૂતિ ધરાવનારાઓની સંખ્યા સારા પ્રમાણમાં છે. પણ અહીં પણ મુશ્કેલી આવા માણસોને શોધી કાઢવાની છે.'

ગાંધીજીની હત્યામાં આર.એસ.એસ.ને નિર્દોષ ઠરાવવા માટે સરદાર

અનુસંધાન પાના.૬ પર

# આપણે માનવો પણ કમાલના જીવો છીએ, જે પોતાની મરજી પ્રમાણે જીવોને પાળે છે, મરજી પ્રમાણે તેનો ઉપયોગ કરે છે, લુપ્ત થવા સુધી પહોંચાડે છે અને પાછી કરેલી ભુલો સુધારવાના પ્રાયશ્ચિતરૂપે તેને પુન: જીવિત કરવાના પ્રયાસો પણ કરે છે

## વન્યસૃષ્ટિ પરિચય


- હેમંત સુથાર

**● પેસેંજર પીજીયન - પ્રવાસી કબુતર**

આપણી આસપાસ ઉડતાં-ફરતાં ભોળા એવા કબૂતરોના અસ્તિત્વ બાબતે આજે આપણે ચિંતા કરવી પડે તેમ નથી પરંતુ ભવિષ્યમાં કરવી પડે તો નવાઇ નહીં. એક સમયે જેની સંખ્યા અબજોમાં હતી તેવા પ્રવાસી કબૂતરોની જાતિનું આજે એક પણ કબુતર આપણી પૃથ્વી પર નથી તે બાબત દુ:ખદ તો છે જ, પણ તેનાથી વધુ આપણી માનવજાત માટે શરમજનક અને મુર્ખતાપૂર્ણ વધુ કહી શકાય તેવી છે.

પ્રવાસી કબુતર કે જેનું અંગ્રેજી નામ "પેસેંજીન" છે તે કબૂતરની જ એક પ્રજાતિ છે. આજથી ૨૦૦ વર્ષ પહેલાં પૂર્વીય અને મધ્ય અમેરિકામાં જોવા મળતી આ કબુતરની પ્રજાતિ ત્યાં ખૂબ સામાન્ય ગણાતી હતી. આ કબુતરના એક જ ટોળામાં અબજ જેટલા પક્ષીઓ જોવા મળતાં હતા અને આ કબુતર ટોળામાં ઉડતા નીકળતાં ત્યારે ભરબપોરે અંધારૂં છવાઇ જતું અને સતત ત્રણ દિવસ સુધી કબુતરોને ઉડતાં, પસાર થતાં જોઇ શકાતા હતા. આ વાત ૨૦૦ વર્ષ પહેલાની છે.

આ પ્રદેશમાં ગરીબો અને ગુલામો માટે આ કબુતરોનું માંસ સસ્તું મનાતું હતું. આ કારણે પેસેંજર પીજીયનોને મોટા પ્રમાણમાં મારવામાં આવતા હતા. પ્રવાસી કબુતર બહુ મોટી સંખ્યામાં હોઇ તેના શિકાર માટે કાંઇ અજુગતું જણાતું નહતું. આટલી મોટી સંખ્યામાં કબુતરો હોઇ તેમને ખેતી માટે પણ હાનિકારક માનવામાં આવતા હતા. પરંતુ એક સમય એવો પણ આવશે કે જોતજોતામાં તેમાંનું એક પણ પક્ષી નહીં રહે અને તે લુપ્ત થઇ જશે તેવી કોઇને કલ્પના પણ નહતી.



પ્રવાસી કબુતર પ્રજાતિનું જે અંતિમ કબુતર હતું તેના નામ માર્થા હતું. તેને સિનસિન્નાટી પ્રાણીસંગ્રહાલયમાં પ્રથમ સપ્ટેમ્બર ૧૯૧૪ના રોજ બપોરના એક કલાકે મૃત્યુ પામ્યું.

કેલિફોર્નિયા યુનિવર્સિટી દ્વારા ચાલી રહેલા એક પ્રોજેક્ટ હેઠળ અંતિમ પ્રવાસી કબુતર માર્થાના ડી.એન.એ. સાચવવામાં આવ્યા હાત. તે વૈજ્ઞાનિકો દ્વારા મેળવીને અન્ય પ્રજાતિ 'બેંડ ટેઇલ્ડ પીજીયન' ની મદદથી પેસેંજર પીજીયનના ઇંડા મુકવામાં આવશે અને આ રીતે લુપ્ત થયેલા પ્રવાસી કબુતરને આ પૃથ્વી પર પરત લાવવા પ્રયત્નો હાથ ધરવામાં આવશે.

**● ટાસ્માનીયા ટાઇગર (વાઘ)**

તાસ્માનીયા ટાઇગર આ પ્રાણીને "થાઇલેસાઇન" નામની પણ ઓળખવામાં આવે છે. આ પ્રાણી આધુનિક કાળનું ધનીધારી પ્રાણી હતું. ધાનીધારીનઓ અર્થ થાય છે બચ્ચાઓને સાચવવા માટે પેટ ભાગે થેલી ધરાવતું પ્રાણી. તે સમયે આ પ્રાણી મોટામાં મોટું માંસાહારી પ્રાણી હતું.

આ પ્રાણી પાલતું ઘેટાઓ અને અન્ય પ્રાણીઓનો મોટા પ્રમાણમાં શિકાર કરતું હતું. તેથી લોકોમાં તે અપ્રિય હતું. લોકો તેનો આડેધડ શિકાર કરતા હતા. તાસ્માનિયન સરકાર દ્વારા પણ આ પ્રાણીઓનો શિકાર કરવા માટે પ્રોત્સાહક ઇનામ કરવામાં આવ્યું હતું. બીજી તરફ આ પ્રાણીના વાસસ્થાનો નાશ થવાની પણ તેમનો વ્યાપ ઘટી રહ્યો હતો. વર્ષ ૧૯૩૬માં આ પ્રાણી તેના કુદરતી વાસસ્થાનોમાંથી લુપ્ત થયું. ત્યારબાદ હોબાર્ટ ઝુ માં વર્ષ ૧૯૩૬માં આ પ્રાણી તેના કુત્રિમ વાસસ્થાનોમાંથી પણ લુપ્ત થયું. તેનું નામ બેંજામીન રખાયેલું હતું. જેને ખુબ જ ઠંડીમાં ઝુ મા તેના નિયમ સેલમાં રાત્રી દરમિયાન સુરક્ષિત રીતે રાખવવું જોઇએ તેના બદલે બહાર ખુલ્લામાં રાખવામાં આવ્યું હતું અને આ કારણે તે બેંજામીન નામના છેલ્લાં તાસ્માનીયા ટાઇગરનું બેદરકારીને કારણે ઠંડીથી મૃત્યુ થયું. ત્યારબાદ વર્ષો સુધી આ પ્રાણી લુપ્ત થવાનું સ્વીકારવામાં ન આવ્યું અને તેના હોવા વિશેની સંભાવના વ્યક્ત થતી રહી. છેક વર્ષ ૧૯૮૬ માં પુરા ૫૦ વર્ષ બાદ આ પ્રાણીને આધારભુત રીતે લુપ્ત જાહેર કરવામાં આવ્યું.

સદનસીબે તાસ્માનીયા ટાઇગરના શરીરના ભાગોને વર્ષ ૧૯૧૮માં મેલબોર્ન ખાતેના વિકટોરિયા મ્યુઝિયમમાં સાચવી રાખવામાં આવેલા હોઇ, ભવિષ્યમાં વૈજ્ઞાનિકો તેના ઉપલબ્ધ ટીસ્યુઓ-પેશીઓના ઉપયોગથી તેના ડી.એન.એ. મેળવીને તાસ્માનીયા ટાઇગરને આ પૃથ્વી પર જીવતાં પુન: હરતાં-ફરતાં કરી શકશે. આ માટે સરોગેટ માતા તરીકે ઉંદરનો ઉપયોગ કરવાના આશાસ્પદ પ્રયાસો હાથ ધરાઇ રહ્યાં.

આપણે માનવો પણ કમાલના જીવો છીએ, જે પોતાની મરજી પ્રમાણે જીવોને પાળે છે, મરજી પ્રમાણે તેનો ઉપયોગ કરે છે, લુપ્ત થવા સુધી પહોંચાડે છે અને પાછી કરેલી ભુલો સુધારવાના પ્રાયશ્ચિતરૂપે તેને પુન: જીવિત કરવાના પ્રયાસો પણ કરે છે.

# ગુજરાતમાં રહેણાક માટે જમીન ફાળવવા સરકાર પર પ્રતિબંધ : ગુજરાત હાઈકોર્ટ

## વાત કાયદા કાનૂનની...

- અશ્વિન વી. ત્રિવેદી

ગુજરાતમાં સરકારી કર્મચારીઓને સરકારે ગાંધીનગરમાં જમીન રહેણાક હેતુ માટે ફાળવી ત્યારથી ગાંધીનગરમાં અને અન્ય જગ્યાએ સરકારી કર્મચારીઓએ પણ રહેણાક હેતુ માટે જમીન ફાળવણી માટે સરકારશ્રીમાં રજુઆત કરેલ છે. જેમાં ગુજરાત હાઇકોર્ટના કર્મચારીઓ પણ બાકાત ન હોતા. ગુજરાત હાઇકર્ટના કર્મચારીઓને જમીન ફાળવણીની માંગણી કરતી લેટર્સ પેટન્ટની અપીલની સુનવણી દરમ્યાન નામદાર ગુજરાત હાઇકોર્ટ જયાં સુધી ગુજરાત હાઇકોર્ટના કર્મચારીઓને જમીન ફાળવણી અંગેનો નિર્ણય ના કરે ત્યાં સુધી અન્ય કોઈપણ વ્યકિત, સંસ્થા કે મંડળીને રહેણાક માટે જમીન ફાળવણી ઉપર ગુજરાત સરકારને પ્રતિબંધ ફરમાવ્યો છે.

ગુજરાત સરકારે ગુજરાત હાઉસીંગ બોર્ડની યોજના અન્વયે જમીન ફાળવણી કરેલ તે સમયે કર્મચારીઓની પડતર અરજ અંગે વિચારણા ગુજરાત સરકારે કરેલ નહિ. ગુજરાત હાઉસીંગ બોર્ડને આવાસ યોજના અન્વયે જમીન ઉપલબ્ધ છે પરંતુ સરકારના

> **હાઉસીંગ બોર્ડના આવા બેવડા વલણથી નામદાર કોર્ટે પ્રશ્ન કરેલ કે અચાનક જ હાઉસીંગ બોર્ડ વસંતનગર ટાઉનશીપ અંગે કેવી રીતે કાર્યરત થઈ ગયું ? હાઉસીંગ બોર્ડ પાસે અચાનક જ કેવી રીતે નાણા આવ્યા ? સમાજના નબળા વર્ગની જેમ ગુજરાત હાઈકોર્ટના વર્ગ-૨ અને ૩ ના કર્મચારીઓ તથા જીપીના કર્મચારીઓને પણ જમીન ફાળવણીનો લાભ મળવો જોઈએ**

કર્મચારીઓને રહેણાક માટે જમીન ફાળવવા જમીન મળતી નથી. આ માટે ગુજરાત હાઉસીંગ બોર્ડના કમિશ્નરશ્રીને નામદાર ગુજરાત હાઇકોર્ટે મુલવણી રજુ કરવા આદેશ કરેલ છે.

ગુજરાત હાઇકોર્ટ વર્ગ-૨ અને ૩ ના કર્મચારીઓ અને જીપી ઓફિસના કર્મચારીઓને રહેણાક હેતુ માટે ગોતા પાસે વસંતનગર ટાઉનશીપ ખાતે જમીન ફાળવવા માંગણી કરવામાં આવી હતી જો કે હાઉસીંગ બોર્ડ તે જગ્યાએ જમીન ફાળવવા માટે અસમંતા દર્શાવી હતી અને જણાવેલ કે ગુજરાત હાઉસીંગ બોર્ડ દ્વારા તે જગ્યાએ સમાજના નબળા વર્ગના લોકો માટે રહેણાક યોજના માટે માટે આવાસો ઉભા કરવામાં આવનાર છે અને તે અંગે યોજનાનો આખરી મુસદ્દો પણ નક્કી કરવામાં આવેલ છે જેથી ગુજરાત હાઇકોર્ટ ગુજરાત હાઉસીંગ બોર્ડની સદર વલણની ગંભીર ટીકા કરી હતી અગાઉના કેસોમાં હાઉસીંગ બોર્ડ નામદાર કોર્ટને એમ જણાવેલ કે ગુજરાત હાઉસીંગ બોર્ડ છેલ્લા ઘણા સમયથી બાંધકામ પ્રવૃત્તિ કરતું નથી અને કાર્યરતપણ નથી. હાઉસીંગ બોર્ડ ફકત રીપેરીંગ અને જુની રીકવરીની જ કાર્યવાહી કરે છે. હાઉસીંગ બોર્ડના આવા બેવડા વલણથી નામદાર કોર્ટે પ્રશ્ન કરેલ કે અચાનક જ હાઉસીંગ બોર્ડ વસંતનગર ટાઉનશીપ અંગે કેવી રીતે કાર્યરત થઈ ગયું ? હાઉસીંગ બોર્ડ પાસે અચાનક જ કેવી રીતે નાણા આવ્યા ? સમાજના નબળા વર્ગની જેમ ગુજરાત હાઈકોર્ટના વર્ગ-૨ અને ૩ ના કર્મચારીઓ તથા જીપીના કર્મચારીઓને પણ જમીન ફાળવણીનો લાભ મળવો જોઈએ.

નામદાર ગુજરાત હાઇકોર્ટ આ બાબતે કમિશ્નરશ્રીને આદેશ આપી ઝાટકણી કાઢી સમાધાન કારી ઉકેલ શોધી લાવી તે લગત નામદાર કોર્ટમાં એફિડેવીટ રજુ કરવા માટે જણાવ્યું છે. ગોતા ખાતેની સદરહુ જમીન હાઉસીંગ બોર્ડની માલીકીની છે જેમાં ઘણા સમયથી હાઉસીંગ બોર્ડે કોઈ જ યોજના અમલમાં મુકેલ નથી ૧૯૯૯ માં હાઉસીંગ બોર્ડે ૪૪૨ કર્મચારીઓને જમીન ફાળવણી કરી હતી જે લગત જીલ્લા કલેકટરશ્રી દ્વારા સરકારને જમીન અપાઈ હતી અને ત્યારબાદ સદરહુ જમીન આ કર્મચારીઓને ફાળવેલ હાઉસીંગ બોર્ડે હવે સદરહુ જમીન ઉપર યોજના મુકતા સરકારની મર્યાદા આવી જાય છે. સરકારનો આવા પ્રકારનો જવાબ સાંભળી નામદાર કોર્ટે સરકાર પક્ષની આકરી ટીકા કરેલ અને જણાવ્યું હતું કે હાઉસીંગ બોર્ડ અને તેના કમિશ્નરશ્રી રાજય સરકારના કહ્યામાં હાઉસીંગ બોર્ડ નથી કે શું? હાઉસીંગ બોર્ડ દ્વારા સદર કેસમાં બે જુદા જુદા સીનીયર એડવોકેટને રોકવા બાબતે પણ ટીકા કરવામાં આવેલ અને જણાવ્યું હતું કે આવી સત્તા અને માર્ગદર્શન કોણ આપે છે? વકિલની ફીનો ખર્ચ જાહેર તિજોરીમાંથી કરવાની સત્તા હાઉસીંગ બોર્ડ કયા પ્રકારે મેળવે છે સદર કેસની વધુ સુનાવણી ૨૧ એપ્રિલ ના રોજ રાખવમાં આવી છે ત્યાં સુધી રાજય સરકારને કોઈને પણ રહેણાક હેતુ માટે જમીન ફાળવવા ઉપર કોર્ટે પ્રતિબંધ મુકી દીધો છે.